GJMR010016582026

દાખલ તારીખ : ૦૨–૦૬–૨૦૨૬
રજીસ્ટરે લીધા તારીખ : ૦૨–૦૬–૨૦૨૬
નિકાલ તારીખ : ૦૬–૦૬–૨૦૨૬
સમયગાળો: વર્ષ– ૦૦ માસ– ૦૦ દિવસ– ૦૪

સત્યમેव जयते

**મોરબી જીલ્લાના મ્હે. અધિક સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, મુ. મોરબી.**

**ફો.પ.અ.નં.૮૩૩/૨૦૨૬**
**આંક–**

**વિઠ્ઠલભાઈ રમણભાઈ રાઠવા**
ઉ.વ.:–૩૯, ધંધો:–ખેતી,
રહે.ગામ જુના દેવળીયા, સંધિપરા સામે,
તા.હળવદ, જી.મોરબી. **અરજદાર**

**વિરુધ્ધ**

**શ્રી ગુજરાત સરકાર,**
મારફતે : વિ.પી.પી.શ્રી,
મોરબી. **સામાવાળા**

---

**બાબત:– હળવદ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૮૯૦૦૧૨૬ ૦૪૯૯/૨૦૨૬, પ્રોહી. કલમ–૬૫(એ), ૬૫ (ઈ), ૧૧૬(બી) તથા ૮૧ મુજબના ગુનાના કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજી**

---

**વકીલશ્રીઓ :– અરજદાર તરફે વિ.વ.શ્રી એચ.એન.મહેતા**
**સામાવાળા તરફે વિ.એડી.પી.પી.શ્રી એસ.સી.દવે**

---

**–: ઠરાવ :–**

**૧.** આ કામના અરજદારે હળવદ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૮૯ ૦૦૧૨૬૦૪૯૯/૨૦૨૬, પ્રોહી. કલમ–૬૫(એ), ૬૫ (ઈ), ૧૧૬ (બી) તથા ૮૧ મુજબના ગુનાના કામે રેગ્યુલર જામીન પર મુકત થવા માટે અત્રેની અદાલતમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ નીયમીત જામીન અરજી દાખલ કરવામાં આવેલ છે.

**૨.** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત જોતાં એવી છે કે, આ કામના અરજદારે ગેરકાયદેસર પાસ પરમીટ કે આધાર વગર પોતાના કબજા

વાળા રહેણાંક ઝુપડામાં ભારતીય બનાવટની પરપ્રાંતીય ઈંગ્લીશ દારૂ (૧) જયુબેલી સ્પેશ્યલ વ્હીસ્કીની ૭૫૦ એમ.એલ.ની બોટલ નંગ–૧૬૭ જેની કિ.રૂા.૧,૧૬,૯૦૦/– તથા (૨) સ્ટાર ગોલ્ડ પ્રીમીયમ વ્હીસ્કીની ૧૮૦ એમ.એલ.ની બોટલો નંગ–૯૮ જેની કિ.રૂા. ૧૨, ૨૫૦/– તથા (૩) ગ્રાન્ડ પાર્ટી પ્રીમીયમ વોડકાની ૧૮૦ એમ.એલ.ની બોટલો નંગ–૭૨૦ જેની કિ.રૂા.૯૦,૦૦૦/– મળી ઉપરોકત ત્રણેય બ્રાન્ડનો વિદેશી દારૂનો કુલ મુદામાલ રૂા.૨,૧૯,૧૫૦/– નો મુદામાલ આરોપી નં.૨ પાસેથી વેચાણ અર્થે મેળવી રેઈડ દરમ્યાન અરજદાર પકડાઇ જતા તથા આરોપી નં.૨ હાજર નહી મળી એકબીજાને મદદગારી કરી ગુનો કરેલ છે.

3. અરજદાર/આરોપીના વિદ્ધાન વકીલ શ્રી એચ.એન.મહેતા દ્ધારા મુખ્યત્વે એવી રજુઆત કરવામાં આવેલી છે કે, અરજદાર/આરોપી વિરુધ્ધ હળવદ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૮૯૦૦૧૨૬ ૦૪૯૯/૨૦૨૬, પ્રોહી. કલમ–૬૫(એ), ૬૫ (ઈ), ૧૧૬(બી) તથા ૮૧ મુજબના શીક્ષાને પાત્ર ગુના અંગેની ફરીયાદ દાખલ થયેલ છે, જે ગુનાના કામે હાલના અરજદાર/આરોપીએ નીયમીત જામીન મેળવવા માટે હાલની જામીન અરજી દાખલ કરેલ છે. અરજદાર/ આરોપી પાસેથી કોઈ મુદામાલ કબજે કરવામાં આવેલ નથી. તેમ છતાં હાલના અરજદાર/આરોપીને હાલના ગુનાના કામે ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. અરજદાર/આરોપી પરીવાર વાળા માણસ છે. સ્થાનીક રહેવાસી છે તેમજ પરીવારની જવાબદારી તેમના પર રહેલી છે. અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો નામદાર કોર્ટ દવારા જે જે શરતો ફરમાવવામાં આવશે તેનું ચુસ્તપણે પાલન કરશે તેમજ તપાસમાં સાથ–સહકાર આપશે. અરજદાર/આરોપીએ કોઈ ગુનાહીત કૃત્ય કરેલ નથી. જેથી તમામ બાબતોને ધ્યાનમાં રાખી અરજદાર/આરોપીને યોગ્ય શરતોને આધીન નીયમીત જામીન પર

મુકત કરવા વિનંતી કરેલ છે.

૪. અરજી સામે વાંધો ઉઠાવી વિધ્વાન એડી. પી. પી. શ્રી એસ.સી.દવે દ્વારા મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, અરજદાર/આરોપી વિરુધ્ધ હળવદ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૮૯૦૦૧૨૬ ૦૪૯૯/૨૦૨૬, પ્રોહી. કલમ-૬૫(એ), ૬૫ (ઇ), ૧૧૬(બી) તથા ૮૧ મુજબના શીક્ષાને પાત્ર ગુના અંગેની ફરીયાદ દાખલ થયેલ છે. હાલના ગુનાના કામે જે મુદામાલ કબજે કરવામાં આવેલ છે તે મુદામાલ દારૂ આ કામના અરજદારના કબજા ભોગવટા વાળી ઝૂંપડીમાંથી કબજે કરવામાં આવેલ છે. અરજદાર/આરોપી પાસેથી મોટી માત્રામાંથી મુદામાલ અંગ્રેજી દારૂ કબજે કરવામાં આવેલ છે. એટલું જ નહિ, અરજદાર/આરોપીનું પ્રથમથી જ એફ.આઇ.આર.માં નામ છે અને તે બનાવ સ્થળેથી હાજર મળી આવેલ છે. અરજદાર/ આરોપીએ હાલના ગુનામાં સક્રિય રોલ ભજવેલ છે. સદરહું ગુનાની તપાસ હાલ નાજુક તબકકામાં છે. અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો, આ કામના ફરીયાદી તથા સાહેદો તથા પંચોને ધાક-ધમકી આપી પુરાવા સાથે ચેડા કરે-કરાવે તેવી શકયતાઓ છે તેમજ તેઓ ફરીથી નાસી-ભાગી જાય તેવી શકયતાં હોય તેમજ ટ્રાયલ દરમ્યાન હાજર ન રહે તેવી શકયતાંઓ હોય, જેથી આ નીયમીત જામીન અરજી નામંજુર કરવા જણાવેલ છે.

૫. અરજદારની અરજીની ઉપરોકત હકીકતો તથા ત.ક.અમલદારનું સોગંદનામું ધ્યાનપુર્વક વંચાણે લીધા તથા પક્ષકારો તર્ફે વિદ્ધાન વકિલશ્રીઓની દલીલો સાંભળી. આ કામના અરજદારે ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે આર્થીક લાભ મેળવવા સારું ભારતીય બનાવટની અલગ (૧) જયુબેલી સ્પેશ્યલ વ્હીસ્કીની ૭૫૦ એમ.એલ.ની બોટલ નંગ-૧૬૭ જેની કિ.રૂા.૧,૧૬,૯૦૦/- તથા (૨) સ્ટાર ગોલ્ડ પ્રીમીયમ વ્હીસ્કીની ૧૮૦ એમ.એલ.ની બોટલો

નંગ–૯૮ જેની કિ.રૂા. ૧૨,૨૫૦/– તથા (૩) ગ્રાન્ડ પાર્ટી પ્રીમીયમ વોડકાની ૧૮૦ એમ.એલ.ની બોટલો નંગ–૭૨૦ જેની કિ.રૂા. ૯૦,૦૦૦/– મળી ઉપરોકત ત્રણેય બ્રાન્ડનો વિદેશી દારૂનો કુલ મુદામાલ રૂા.૨,૧૯, ૧૫૦/– ના મુદામાલ સાથે હાજર મળી આવેલ છે તથા સદરહું અરજદાર/આરોપીનું પ્રથમથી જ એફ.આઇ.આર.માં નામ છે તથા આ કામે તપાસ હજુ ચાલુ છે. સદર ગુનાના કામે અરજદાર/આરોપીને વધુમાં વધુ દસ વર્ષ સુધીની સજા થઈ શકે, તે પ્રકારના ગુનાનો આરોપ છે. વધુમાં, ગુજરાત રાજયમાં હાલ દારુબંધી હોય પકડાયેલ દારુનો જથ્થો બે લાખથી વધુની કિંમતનો હોય અને સમાજ વિરોધી ગુનો હોય દારુબંધીનો કડક અમલ થાય તે સારું તેમજ આ કામના અરજદાર/આરોપીને જો જામીન પર મુકત કરવામાં આવશે તો ફરીવાર આવી દારૂ લગત ગે.કા. પ્રવૃતિ આચરી આવા ગુનાઓ આચરશે તેવી સંભાવના છે. અરજદારની સક્રિય સંડોવણી હોય અને જામીન મુકત કરવામાં આવે તો તેઓ જામીન મુકત થતા ભાગી જઈ શકે છે અને ટ્રાયલમાં ચાલવામાં વિલંબ પડે તેમ છે. બચાવપક્ષે એવી રજુઆત કરેલ છે કે, અરજદારનો કોઈ ગુનાહિત ભુતકાળ નથી. પરંતુ કોઈ અગાઉના ગુનાઓ ન હોય જેથી હાલના ગુનાની ગંભીરતાને ઓછી આંકી શકાય નહિ. કારણ કે ગુનાની ગંભીરતા, મુદામાલની માત્રા શરૂઆતથી જ સામાજિક જોખમ દર્શાવે છે, આથી આ કામના અરજદારનો કોઈ ગુનાહિત ઈતિહાસ ન હોય જેથી જામીન મુકત કરવાની જે દલીલ કરેલ છે તે કોઇપણ સંજોગોમાં માની કે સ્વીકારી શકાય તેમ નથી. આમ, ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લેતાં, અરજદારની હાલની જામીન અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ ના પરીપ્રેક્ષ્યમાં આવતી ન હોવાનું માની આ અદાલતને પ્રાપ્ત વિવેકાધિન સત્તાનો ઉપયોગ કરી અરજદારને જામીન મુકત કરવા યોગ્ય, ન્યાયી અને ઉચિત જણાતું ન

હોય અરજી અન્વયે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-::હુકમ::-**

આ કામના અરજદાર **વિઠ્ઠલભાઈ રમણભાઈ રાઠવા** ઉ.વ.:-૩૯, ધંધો:-ખેતી,રહે.ગામ જુના દેવળીયા, સંધિપરા સામે, તા.હળવદ, જી.મોરબી. વાળાની હળવદ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૮૯ ૦૦૧૨૬૦૪૯૯/૨૦૨૬, પ્રોહી. કલમ-૬૫(એ), ૬૫ (ઇ), ૧૧૬(બી) તથા ૮૧ મુજબના કામે તેમને રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવા માટેની માંગણી કરતી આ અરજી **નામંજુર** યાને **રદ્દ** કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ : ૦૬ ઠી, માહે : જુન, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ :- મોરબી
તા.૦૬/૦૬/૨૦૨૬
//NDB//

**(ભુમિકા કનૈયાલાલ ચંદારાણા)**
એડીશ્નલ સેસન્સ જજ, મોરબી.
(કોડ નં.જીજે૦૦૬૭૧)